ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧. ફોન નં.(૦૨૮૩૨) ૨૩૫૦૦૨ ફેક્સઃ ૨૩૫૦૧૨
E-mail : info@kskvkachchhuniversity.org Web : kskvkachchhuniversity.org

રેફ.નં.: ક.યુ./ E C.-Minuts 25th Nov '19 / 886 તા. ૧૬/૧૨/'૧૯

**વિષય :** ગત **તારીખ ૨૫મી નવેમ્બર ૨૦૧૯નાં** રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની યોજાયેલ બેઠકની મિનિટ્સ નોંધ મોકલવા બાબત...

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, માનનીય કાર્યકારી કુલપતિશ્રીનાં અધ્યક્ષ સ્થાને **તારીખ ૨૫મી નવેમ્બર ૨૦૧૯**ના રોજ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠકની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

**કુલસચિવ**
**ઈ/ચા કુલસચિવ**
**કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી**
**ભુજ-કચ્છ.**

**બિડાણ :** ઉપર મુજબ.

**નકલ સવિનય રવાના :**

૧. માનનીય કુલપતિશ્રીનાં કાર્યાલય તરફ જાણ સારૂ.
૨. માનનીય કુલસચિવશ્રીનાં કાર્યાલય તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
૩. અધ્યક્ષશ્રી, તમામ શૈક્ષણિક ભવનો તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
૪. વડાશ્રી, તમામ વહીવટી વિભાગો તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

ભુજ-કચ્છ 370001

# તારીખ ૨૫મી નવેમ્બર ૨૦૧૯નાં રોજ સવારે ૧૧ :૦૦ કલાકે યુનિવર્સિટી કેમ્પસ ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની સભાની મિનિટ્સ નોંધ :

આજ રોજ તારીખ ૨૫મી નવેમ્બર ૨૦૧૯ને સોમવારનાં સવારે ૧૧ : ૦૦ કલાકે કોન્ફરન્સ હોલ, યુનિવર્સિટી કેમ્પસ ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠક, માનનીય કાર્યકારી કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ,આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા, સૌ સભ્યશ્રીઓનાં આવકાર બાદ અધ્યક્ષશ્રી દ્વારા ગત તારીખ ૨૨મી નવેમ્બર ૨૦૧૯નાં રોજ, સભ્યશ્રી અરૂણભાઈ એચ.ભીન્ડેનાં પિતાશ્રીનાં થયેલ દુઃખદ અવસાન અંગે શોક પ્રદર્શિત કરી સદ્‌ગતના આત્માની શાંતિ અર્થે બે મીનિટના મૌન સાથે શોક ઠરાવ પસાર કરવામા આવ્યો.

| **સભ્યશ્રીનું નામ અને હોદ્દો** | **હાજર / ગેરહાજર** |
|---|---|
| પ્રો.ડૉ. ડી. સી. ધોળકિયા **—અધ્યક્ષશ્રી**<br>માનનીય કાર્યકારી કુલપતિશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ. | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન, **—સભ્યશ્રી**<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન, **—સભ્યશ્રી**<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. **—સભ્યશ્રી** | ગેર હાજર |
| પ્રો.ડૉ.શ્રી ડી.એમ.બકરાણીયા **—સભ્યશ્રી**<br>ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ. | હાજર |
| પ્રો. ડૉ.શ્રી પી. એસ.હિરાણી **—સભ્યશ્રી**<br>ડીનશ્રી, વાણિજ્ય વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ. | હાજર |
| ડૉ.શ્રી એસ.જી.ધર્માણી **—સભ્યશ્રી**<br>સંલગ્ન કોલેજનાં આચાર્યશ્રી,<br>ગાંધીધામ કોલેજીએટ બોર્ડ સંચાલિત તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ,<br>આદિપુર – કચ્છ. | હાજર |
| ડૉ.શ્રી એમ.કે.પંડયા **—સભ્યશ્રી**<br>સંલગ્ન કોલેજનાં આચાર્યશ્રી,<br>ગાંધીધામ કોલેજીએટ બોર્ડ સંચાલિત તોલાણી કોમર્સ કોલેજ, આદિપુર –કચ્છ. | હાજર |
| પ્રો ડૉ. શ્રી એમ.જી.ઠકકર **—સભ્યશ્રી**<br>પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ અર્થ એન્ડ એન્વાયરમેન્ટલ સાયન્સ,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ. | ગેરહાજર |

| | |
|---|---|
| ડૉ.શ્રી કે.એમ.ત્રિવેદી. **–સભ્યશ્રી**<br>એસોસીયેટ પ્રોફેસર, ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ | હાજર |
| શ્રી પ્રવિણભાઈ વી. પિંડોરીયા **–સભ્યશ્રી**<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ભુજ – કચ્છ. | હાજર |
| શ્રી અરૂણભાઈ એચ.ભીન્ડે **–સભ્યશ્રી**<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, આદિપુર –કચ્છ. | હાજર |
| પ્રો ડૉ. શ્રી એમ.જી.ઠકકર **–મેમ્બર સેક્રેટરી**<br>( આઈ.સી. કુલસચિવશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ.) | હાજર |

**૧. ગત સભાઓની મિનિટ્સ નોંધનું વાંચન અને બહાલી :**

કા.કુલસચિવ તરીકે વધારાનો કાર્યભાર સંભાળનાર ડૉ. શ્રી એમ.જી.ઠક્કરે તેમાંથી મુકત કરવાની રજૂઆત કરતાં મા.કા.કુલપતિશ્રીએ તેમને મુકત કરી ડૉ.તેજલ શેઠ પરીક્ષા નિયામકને તે વધારાનો ચાર્જ આપેલ તેને દરેક સભ્યોએ અનુમતિ આપી.

**<u>ઠરાવ : ૧ :</u> સંબંધિત તારીખોએ યોજાયેલ બેઠકોની મિનિટ્સ નોંધના કોઈ પણ મુદ્દા–વિગતે સંબંધે, કોઈ પણ સભ્યશ્રીઓનું સૂચન મળે હોય તો, તે સંબંધે આગામી બેઠકમા ફેર વિચારણા અર્થ રજૂઆત કરવી અન્યથા આ તમામ બેઠકોની કાર્યવાહી– મિનિટ્સ નોંધને આથી બહાલ રાખવામાં આવે છે.**

**૨. અર્થ એન્ડ એન્વાયરમેન્ટલ સાયન્સ વિભાગની તા.૧૧/૧૧/૧૯નાં રોજની રજૂઆત બાબત :**

તા.૧૧/૧૧/૧૯નાં રોજની અર્થ એન્ડ એન્વાયરમેન્ટલ સાયન્સ વિભાગની રજૂઆત મુજબ ફિસ્ટ દ્વારા ફાળવવામા આવેલ અનુદાન અન્વયે પ્રયોગશાળા સંબંધિત સાધનોની ખરીદી કાર્યવાહી કરવા માટે સંબંધિત બાબતનું જ્ઞાન ધરાવતાં તજજ્ઞશ્રીઓનું માર્ગદર્શન મેળવી ખરીદ સંબંધિત આગળની કાર્યવાહી હાથ ધરવાની રહે છે માટે તે અંગે તજજ્ઞશ્રીઓની એક પેનલ ઉભી કરી, પેટા સમિતિની રચના કરવી આવશ્યક બને છે અને તે સમિતિ અન્વયે અન્ય યુનિવર્સિટી માંથી પણ નિષ્ણાંતોને નિમવા આવશ્યક બને છે કે જેથી અદ્યતન સાધન સામગ્રી ખરીદી શકાય સદર રજૂઆત અંગે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૨ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે,ફીસ્ટ દ્વારા મળેલ અનુદાન અન્વયે પ્રયોગશાળા સંબંધિત સાધન સામગ્રીની ખરીદી જેમ તથા એન્ડ પ્રોક્યોર જેવી સરકાર દ્વારા માન્ય કરાયેલ પધ્ધતિ અન્વયે હાથ ધરવી જ્યારે તજજ્ઞોની પેનલ સંબંધે આથી ઠરાવવામાં આવે છે કે, સદર કાર્યવાહી વિભાગીય વડાએ કુલપતિશ્રી તથા ડીનશ્રી,વિજ્ઞાન વિદ્યાશાખાના મંતવ્ય સાથે હાથ ધરી તેની જાણ યુનિવર્સિટીને કરવાની રહેશે.**

### ૩. શૈક્ષણિક જગ્યા સંબંધતિ મંજૂર થયેલ મહેકમની જાણ તથા તે અન્વયે આગળની કાર્યવાહી હાથ ધરવા બાબત :

શૈક્ષણિક જગ્યાઓનું મહેકમ શિક્ષણ વિભાગ,ગુજરાત રાજ્યના ઠરાવ ક્રમાંકઃ કછ૭પ–૧૨૧૯–CHE–નબા–૭૫–ખર તા.૦૪/૦૯/૨૦૧૯ મારફતે મંજૂર થયેલ છે. કુલ ચાર જગ્યાઓ જે પૈકી ત્રણ (૦૩) આસિસ્ટન્ટ પ્રોફેસર અને એક (૦૧) એસોસિયેટ પ્રોફેસરની જગ્યા ભરવા બહાલી મળેલ છે સદર બાબતની જાણ અને તે અન્વયે ભરતી પ્રક્રિયા હાથ ધરવા સંબંધિત કાર્યવાહી હાથ ધરવા પાત્ર હોઈ તે અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૩ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, શિક્ષણ વિભાગ,ગુજરાત રાજ્યના ઠરાવ ક્રમાંકઃ કછ૭પ–૧૨૧૯–હજભ–નબા–૭૫–ખર તા.૦૪/૦૯/૨૦૧૯ મારફતે ઉક્ત વિગતે કુલ ચાર શૈક્ષણિક જગ્યાઓ ફાળવવામા આવેલ છે તેની નોંધ લેવામા આવે છે. સદર જગ્યાઓ સંબંધે ભરતી પ્રક્રિયા હાથ ધરવા માટે પ્રથમ તબક્કે, મંજૂર થયેલ જગ્યાઓની કાર્યરત અનુસ્નાતક ભવનો સંબધે નિમણૂંક કરવા માટે ફાળવણી કરવાની રહે છે જે અભ્યાસક્રમોને લાગુ પડતા વૈધાનિક સત્તામંડળની માન્યતા સંદર્ભે શરત પૂર્તતાને લક્ષમા લેતાં નીચેની વિગતે કરવામાં આવે છે.**

| ક્રમ | મંજૂર થયેલ જગ્યાનો હોદ્દો | ફાળવવામા આવેલ જગ્યાની સંખ્યા અને ભવનનું નામ | |
|---|---|---|---|
| ૧. | એસોસિયેટ પ્રોફેસર | ૦૧ | શિક્ષણશાસ્ત્રભવન |
| ૨. | આસિસ્ટન્ટ પ્રોફેસર | ૦૨ | કોમર્સ એન્ડ મેનેજમેન્ટ |

**મંજૂર થયેલ જગ્યાઓ પૈકી બાકી રહેતી આસિસ્ટન્ટ પ્રોફેસરની –૦૧ (એક) જગ્યા, ફાળવવા અંગે કાર્યવાહી હાથ ધરવા માનનીય કાર્યકારી કુલપતિશ્રીને સત્તા સોંપવામાં આવે છે.**

### ૪. અર્થ એન્ડ એન્વાયરમેન્ટલ સાયન્સ વિભાગની તા.૧૧/૧૧/૧૯નાં રોજની રજૂઆત બાબત :

વિભાગાધ્યક્ષશ્રી, અર્થ એન્ડ એન્વાયરમેન્ટલ સાયન્સના તા.૧૧/૧૧/૧૯નાં રોજનાં પત્રની વિગત મુજબ, સદર વિભાગ દ્વારા નવા અભ્યાસક્રમો શરૂ કરવામા આવેલ છે સાથે સાથે આવનાર શૈક્ષણિક વર્ષ સંબંધે પણ અનુસ્નાતક કક્ષાના બે ડિગ્રી અભ્યાસક્રમો – M.Sc.- Remote Sensing & M.Sc.- Geophysics પણ શરૂ કરવા જઈ રહ્યા છીએ માટે તે સંદર્ભે શૈક્ષણિક સ્ટાફની જરૂરિયાત રહે છે તે ફાળવવા અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૪ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે,સૂચિત અભ્યાસક્રમોનો દરજ્જો –કાયમી સ્વનિર્ભરતાના ધોરણે કે સરકારી ધોરણે શરૂ કરવાપાત્ર છે તેની વિગત મેળવવી.**

**જ્યારે કાયમી સ્વનિર્ભરતાના ધોરણે અભ્યાસક્રમો શરૂ કરવાનાં બને તે સંજોગોમાં આવા અભ્યાસક્રમો સંપૂર્ણ પણે સંબંધિત સ્વઆવક માંથી જ ખર્ચ કરવા પાત્ર બનશે જે આવક સંબંધે શૈક્ષણિક વર્ષ દીઠ ૧૦% રકમ યુનિવર્સિટી ખાતે જમા કરાવવા પાત્ર બનશે.**

## ૫. ગ્રંથાલય વિભાગની તા.૧૮/૧૧/૧૯નાં રોજની રજૂઆત બાબત :

ગ્રંથપાલશ્રીનાં તા.૧૮/૧૧/૧૯ના પત્રથી કરવામા આવેલ રજૂઆત મુજબ, યુનિવર્સિટીમા અભ્યાસ ન કરતા, પરંતુ જાહેર પરીક્ષાઓ તથા અન્ય અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને હાલે શિક્ષણના હેતુને મધ્યે નજર રાખી ગ્રંથાલયમાં પ્રવેશ અને સુવિધાનો લાભ આપવામા આવી રહેલ છે આવા વિદ્યાર્થીઓ માટે ગ્રંથાલય –રીડીગ રૂમ વપરાશ હેતુ, જો ફી નિયત કરવામા આવે તો આવા વિદ્યાર્થીઓના કારણે યુનિવર્સિટીએ ભોગવવા પડતા ખર્ચ જેવા કે વિજળી, પાણી, સિકયૂરીટી તથા ગ્રંથાલય જાળવણી વગેરેમાં રાહત રહે અને જે વિદ્યાર્થીઓ ખરેખર ગ્રંથાલયનો ઉપયોગ શિક્ષણ હેતુ કરવા ઈચ્છે છે તેઓને વ્યવસ્થા પણ મળી રહે. સદર વિદ્યાર્થીઓને ઓળખપત્ર હાલે આપવામા આવતા નથી તે આપી શકાય, જેથી ગ્રંથાલયની ગરિમા પણ જળવાઈ રહે. સદર વ્યવસ્થા સંદર્ભે વિદ્યાર્થીઓની જરૂરિયાત મુજબ માસીક, ત્રીમાસીક, છમાસીક અને વાર્ષિક ધોરણે ફી નિયત કરી અન્ય જાહેર ગ્રંથાલયની જેમ સેવા આપી શકાય સદર બાબત અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૫ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે,સદર રજૂઆતને નીચે મુજબની વિગતે ગ્રાહ્ય રાખવામા આવે છે.**

**૧. આવા વિદ્યાર્થીઓને શિક્ષણના હેતુને ધ્યાને લઈ માત્ર રીડીગ રૂમ વપરાશ માટે જ સવલત આપવી, પુસ્તક ઈશ્યુ કરવા નહી.**

**૨. ગ્રંથાલયની ગરિમા, રીડીગ રૂમ વપરાશ સંબંધિત આનુસાંગિક ખર્ચ સંબંધે નજીવા વળતર તથા ઓળખપત્ર આપવા સંબંધે થતાં ખર્ચ વગેરેને મધ્યે નજર રાખતા નીચે મુજબની વિગતે ફી નિયત કરવામા આવે છે.**

| **ક્રમ** | **રીડીગરૂમ વપરાશ સભ્ય પદનો સમયગાળો** | **ફીના દર** |
|---|---|---|
| ૧. | ૧ માસ | રૂા. ૪૦૦/– |
| ૨. | ૦૭ માસ | રૂા.૨૨૦૦/– |
| ૩. | ૧ વર્ષ | રૂા.૪૩૦૦/– |

**૩. સદર વ્યવસ્થા ઉભી કરવા સંબંધે વધારાનું માનવબળ કે ભૌતિક સુવિધા વધારા અંગે કોઈ રજૂઆત સ્વીકૃત બનશે નહી.**

**૪. સદર આવક કન્ટીજન્સીના હેડ ખાતે જમા લેવાની રહેશે.**

**સદર વ્યવસ્થા અને ફીના ધોરણો ૧લી ડિસેમ્બર'૧૯ થી અન્ય હુકમ ન થાય ત્યાં સુધી અમલીકરણમાં રહેશે.**

**૬. One time catch-up grant સંબંધે University Grant Commission, New Delhi દ્વારા મળેલ અનુદાન સંબંધે બાકી રહેલ અને આખરી હિસ્સો મંજૂર થયા સંબંધે જાણ તથા તે અનુદાન અન્વયે હાથ ધરાયેલ કામગીરી સબંધિત બાકી રહેતા ચૂકવણા કરવા બહાલી બાબત :**

**University Grant Commission, New Delhi** દ્વારા ૧૨–બીનું પ્રમાણ પત્ર ન ધરાવતી યુનિવર્સિટીઓને **One time catch-up grant** ની યોજના અન્વયે અનુદાન ફાળવવામા આવે છે, તે સંબંધે આપણી યુનિવર્સિટીને પણ મળેલ અનુદાન અન્વયેના બાકી રહેલ અને આખરી હિસ્સો **University Grant Commission, New Delhi** ના પત્ર ક્રમાંક : **F.No.88-2/2010 (SU-I) Dt. 6 Nov. 2019** દ્વારા રૂપિયા ૨,૫૦,૦૦,૦૦૦/– મંજૂર કરવામા આવેલ છે.સદર બાબતની જાણ તથા આ અનુદાન સંદર્ભ જે તે સમયે પુરી થયેલ કામગીરી સબબના બાકી રહેતા ચૂકવણા સદર અનુદાન માંથી કરવા અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૬ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે,સદર બાબતે ખરીદ સમિતિનાં અહેવાલ બાદ આગળની કાર્યવાહી હાથ ધરવી.**

**૭. શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧થી નવા જોડાણ મેળવવા રજૂ કરવામા આવેલ જોડાણ અરજીઓ અન્વયે કાર્યવાહી હાથ ધરવા બાબત :**

શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧થી નવા જોડાણ સાથે કોલેજ શરૂ કરવા તથા યુનિવર્સિટી સંલગ્ન કોલેજ ખાતે વધારાના અભ્યાસક્રમ–વિષય તરીકે નવું જોડાણ મેળવવા સંબંધિત અરજીઓ માટે શિક્ષણ વિભાગ,ગુજરાત રાજયના માર્ગદર્શક નિયમોના ઠરાવ ક્રમાંક : યજન–૧૦૨૦૦૧–(૨૮) –ખ.૧ તા.૨૧/૧૨/૨૦૦૧ મુજબ કાર્યવાહી હાથ ધરવાની રહે છે જેના પ્રથમ તબક્કે નીડ કમિટિ તથા સ્થાનિક તપાસ સમિતિની નિમણૂંક કરવાની રહે છે જે અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૭ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧થી નવા જોડાણ સંબંધિત કાર્યવાહી અંતર્ગત માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને નીચે મુજબના સભ્યશ્રીઓ સાથે નીડ કમિટિની રચના કરવામાં આવે છે કમિટિના અહેવાલ બાદ આગળની કાર્યવાહી સંબંધે ફેર રજૂઆત કરવી.**

**૧. પ્રો.ડૉ. ડી. સી. ધોળકિયા – માનનીય કાર્યકારી કુલપતિશ્રી,**
**૨. પ્રો.ડૉ. શ્રી પી. એસ.હિરાણી –ડીનશ્રી, વાણિજય વિદ્યાશાખા**
**૩. ડૉ.શ્રી એસ.જી.ધર્માણી**
**આચાર્યશ્રી ગાંધીધામ કોલેજીએટ બોર્ડ સંચાલિત તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, આદિપુર – કચ્છ.**

૪. ડૉ.શ્રી એમ.કે.પંડયા
આચાર્યશ્રી, ગાંધીધામ કોલેજીએટ બોર્ડ સંચાલિત તોલાણી કોમર્સ કોલેજ, આદિપુર
૫. શ્રી અરૂણભાઈ એચ.ભીન્ડે
માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, આદિપુર –કચ્છ.

૩૭૦

**૮. શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦થી જોડાણ બંધ કરવા થયેલ અરજી અન્વયે કાર્યવાહી હાથ ધરવા બાબત:**

શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી કાયમી સ્વનિર્ભરતાના શરૂ થયેલ એમ.એસસી.– આઈટી અભ્યાસક્રમનું જોડાણ ધરાવતી સંસ્થા કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત એસઆરકે ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર એજયુકેશન, સાપેડા–કચ્છ વતી સદર અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦થી બંધ કરવા રજૂઆત થયેલ છે પરંતુ સદર અભ્યાસક્રમ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ સુધીના જ જોડાણ જાહેરનામા બહાર પડેલ છે. સદર વિગતે જોડાણ બંધ અંગેની કાર્યવાહી હાથ ધરવા અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૮ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, બાકી રહેતા જોડાણ જાહેરનામા મેળવ્યા બાદ કાયમી ધોરણે જોડાણ બંધ કરવા અંગે ફેર રજૂઆત કરવી.**

**૯. અધ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે...**

**(૧) ૯માં પદવી દાન સમારોહ ના આયોજન સંબંધે થયેલ ખર્ચ બહાલ રાખવા બાબત :**

ગત તારીખ ૪થી ઓકટોમ્બર ૨૦૧૯નાં રોજ યોજાયેલ ૯મા પદવી દાન સમારોહનાં આયોજન અન્વયે થયેલ રૂા. ૫,૨૧,૦૦૦/–ના ખર્ચ ને બહાલ રાખવા માટે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૯ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, ૯મા પદવી દાન સમારોહના આયોજન ખર્ચ રૂા. ૫,૨૧,૦૦૦/–ને આથી બહાલ રાખવામા આવે છે.**

**(૨) ડેપ્યુટી રજીસ્ટ્રારની જગ્યા ભરવા બાબત :**

યુનિવર્સિટીના થઈ રહેલ વિકાસનાં કારણે, દિન પ્રતિ દીન વધતા જતા કાર્યભાર તથા વહીવટી દષ્ટિએ મહત્વની વહીવટી જવાબદારીઓ તથા કામગીરી પાર પાડવા માટે ડેપ્યુટી રજીસ્ટ્રારની નિમણૂંક કરવાની જરૂરિયાત જણાતા તે માટે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૧૦ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, મહેકમ મંજૂર ન થવાના સંજોગોને ધ્યાને લઈ સદર જગ્યા પર કોઈ પણ વિદ્યાશાખામાં ૫૫ ટકા સાથે સ્નાતક અને સરકારી કચેરીમાં સિનીયર કર્લક અથવા તે સમકક્ષ તરીકેનો ૨૦ વર્ષનાં અનુભવની લાયકાત ધરાવતા વ્યકિતની નિમણૂંક કરાર આધારિત પધ્ધતિથી ફીક્ષ પગારના ધોરણે ૧૧ માસ માટે માસિક રૂા. ૨૦,૦૦૦/–ના ફીક્ષ વેતન સાથે કરવી અને સદર ખર્ચ સ્વભંડોળ ખાતે આકારવાનો રહેશે.**

**(૩) હિસાબી અધિકારીની જગ્યા ભરવા બાબત :**

મુખ્ય હિસાબી અધિકારીની મંજૂર થયેલ જગ્યા હાલે ખાલી રહેલ છે ત્યારે દિન પ્રતિ દીન વધતા જતા નાણાકીય વ્યવહારો તથા હિસાબી શાખાને લગતી વહીવટી કામગીરીના સુચારૂ સંચાલન માટે સદર જગ્યા ભરવી આવશ્યક હોય તે સંબંધે યોગ્ય વ્યવસ્થા ઉભી કરવા થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૧૧ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, મંજૂર થયેલ મુખ્ય હિસાબી અધિકારીની હાલે ખાલી રહેલ જગ્યા સંબંધિત સેવાઓ મેળવવા માટે સી.એ., એમ.કોમ.–એકાઉન્ટસ, એમ.બી.એ.(ફા.),ની લાયકાત પ્રથમ વર્ગ સાથે ૧૦ વર્ષનો હિસાબી કામગીરીનો અનુભવ ધરાવતી વ્યક્તિની નિમણૂંક કરાર આધારિત પધ્ધતિથી ફીક્ષ પગારના ધોરણે ૧૧ માસ માટે માસિક રૂા. ૨૫,૦૦૦/– થી ૩૦,૦૦૦/– ના ફીક્ષ વેતન સાથે કરવી અને સદર ખર્ચ સ્વભંડોળ ખાતે આકારવાનો રહેશે.**

**(૪) પરીક્ષા લક્ષી કામગીરી માટે નિમવામા આવતાં કો–ઓર્ડીનેટરશ્રી તથા તે સંબંધિત અન્ય સ્ટાફને ચૂકવવાપાત્ર મહેનતાંણા અંગે થયેલ પરિપત્ર અન્વયે ક્રમ–(૭)માં દર્શાવેલ 'સ્ટાફ' શબ્દની વ્યાખ્યા વિસ્તૃત કરવા બાબત :**

પરીક્ષા નિયામકશ્રીની રજૂઆત મુજબ, પરીક્ષા લક્ષી કામગીરી માટે નિમવામા આવતા કો–ઓર્ડીનેટરર્સ તથા તે સંબંધિત સ્ટાફને ચૂકવવાના થતા મહેનતાણા સંબંધે માર્ચ'૨૦૧૬માં થયેલ પરિપત્ર અમલીકરણમાં છે, જે અન્વયેના ક્રમ–૭ મુજબ નિયત મહેનતનણાનાં દર સાથેની નોંધ મુજબ સ્ટાફને કન્વેયન્સ એલાઉન્સ પેટે, શરતને આધિન રૂા.૧૦૦/– ચૂકવવામાં આવેલ છે.

સદર બાબતે ઓડિટ પારાના સૂચન મુજબ કો–ઓર્ડીનેટરશ્રી દ્વારા દિવસ માટે નિમવામા આવતાં અને તે મુજબ માનદ્ વેતન મેળવતા લોકોનો સમાવેશ 'સ્ટાફ'ની વ્યાખ્યામા થઈ શકે નહી માટે આવા લોકોને કન્વેયન્સ એલાઉન્સ લાભ આપવા માટે તેઓને 'સ્ટાફ' ની વ્યાખ્યામા સમાવેશ કરવો આવશ્યક છે સદર બાબતની થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૧૨ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સંબંધિત કામગીરીના મહેનતાણા સબબ માર્ચ'૨૦૧૬નાં પરિપત્રની કલમ (૭) મુજબની નોંધમાં દર્શાવેલ સ્ટાફ શબ્દની વ્યાખ્યામાં, કો–ઓર્ડીનેટરશ્રી દ્વારા દિવસ માટે નિમવામા આવતાં તે મુજબ માનદ્ વેતન મેળવતા લોકોનો સમાવેશ માત્ર તેઓને કન્વેયન્સ એલાઉન્સનો લાભ આપવા માટે જ કરવામા આવે છે તે સિવાય નોકરી સંબંધિત અન્ય કોઈ પણ લાભ તેઓને આપવા પાત્ર બનશે નહી તથા સદર પરિપત્રની અન્ય વિગતો જેમની તેમ અમલીકરણમાં રહેશે.**

**(૫) સર્ટીફિકેટ કક્ષાના અભ્યાસક્રમો શરૂ કરવા બાબત :**

શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડીકલ ટ્રસ્ટ સંચાલિત, એસકેએલપી કોલેજ નર્સિંગ ઈન્સ્ટીટ્યુટ ઓફ એજ્યુકેશન એન્ડ પ્રેકટીસ, સરદાર પટેલ વિદ્યાસંકુલ, મુંદ્રા રોડ, ભુજ–કચ્છ ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯થી બી.એસસી.–નર્સિંગ અભ્યાસક્રમ કાયમી સ્વનિર્ભરતાના ધોરણે શરૂ કરવામા આવેલ છે સદર ઈન્સ્ટીટ્યુટના પત્ર ક્રમાંક : Ref. No. SKLP / 2019-20/22/11/306 Dt.22/11/19 દ્વારા,તેઓના ટ્રસ્ટની માલિકીની હોસ્પીટલ પણ હોવાથી તેઓ પેરા મેડિકલ સંબંધિત કુલ –૧૨ (બાર) સર્ટીફિકેટ કક્ષાના અભ્યાસક્રમો ખુબ જ નજીવા દરની ફી વસૂલી જુન–૨૦૨૦થી શરૂ કરવા માંગે છે.

અત્રે નોંધપાત્ર છે કે, જે સંસ્થા/ ટ્રસ્ટ યુનિવર્સિટી સંલગ્નતા ધરાવતા નથી પણ કચ્છ વિસ્તારમાં જે તે વિષય અન્વયે કાર્યરત અને સમાજ કલ્યાણ સંદર્ભે પ્રસ્ધ્ધિ ધરાવે છે તેવા ટ્રસ્ટ દ્વારા પણ અવાર નવાર આવા સર્ટીફિકેટ કક્ષાના અભ્યાસક્રમો સદર હેતુને જ મધ્યે નજર રાખી શરૂ કરવા રજૂઆત થતી રહે છે જે અંગે નિતિ–નિયમોના અભાવે યોગ્ય પ્રત્યુતર કે બહાલી સંબંધિત કાર્યવાહી હાથ ધરવી શકય બનતી નથી માટે જો, યુનિવર્સિટી એકટની કલમ ૯૦.૧ મુજબ એકસ્ટ્રા –મ્યુરલ સ્ટડી બોર્ડની રચના કરી આવા અભ્યાસક્રમોના જોડાણ સંબંધિત નિયમો તૈયાર કરવામા આવે તો હાલે સંલગ્ન કોલેજ ખાતે ચાલતા,નવા શરૂ થનાર કે સંલગ્નતા ન ધરાવતા પણ બહોળી પ્રસિધ્ધી ધરાવતી સંસ્થાઓ ખાતે આવા અભ્યાસક્રમો શરૂ કરી સ્વ રોજગારી કે ટેકનીકલ બાબતે લાયકાત ધરાવતું માનવ બળ કચ્છને આપી શકાય અને સર્ટીફિકેટ સંબંધે ભવિષ્યમા કોઈ પણ પ્રકારની જવાબદારીઓ ઉભી થાય તો તે અંગે યોગ્ય કાર્યવાહી કરી શકાય સદર રજૂઆત અંગે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૧૩ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સંબંધિત સંસ્થાની રજૂઆતનો સૈધાંતિક સ્વીકાર કરવામા આવે છે.**

**સાથે સાથે હાલે યુનિવર્સિટી સંલગ્ન અને સ્વનિર્ભરતાના ધોરણે ચાલતી કોલેજો ખાતે યુ.જી.સી.ની ગાઈડ લાઈન મુજબ 'કેરીયર ઓરિયેન્ટ પ્રોગ્રામ' અંતર્ગત સર્ટીફિકેટ કક્ષાના જુદા જુદા અભ્યાસક્રમો ચલાવવામા આવી રહેલ છે પરંતુ તે અંગે યોગ્ય વહીવટી પ્રક્રિયા જેવી કે, નોંધણી, ફીના દરો, ભૈતિક સુવિધાઓ વગેરે અંગે ચોકકસ નીતિ નિયમો તૈયાર થયેલ નથી. જયારે યુનિવર્સિટી સર્ટીફિકેટ આપે છે, તેવા સંજોગોમાં સદર બાબતે ભવિષ્યમા કોઈ પણ પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે હેતુને મધ્યે નજર રાખતાં આવા અભ્યાસક્રમના જોડાણ સંબંધિત નિતિ –નિયમો તૈયાર કરવા આવશ્યક બને છે જેથી અન્ય અને યોગ્ય સંસ્થાઓને પણ આ કાર્યમાં જોડી શકાય અને તે માટે યુનિવર્સિટી એકટની કલમ ૯૦.૧ મુજબ એકસ્ટ્રા –મ્યુરલ સ્ટડી બોર્ડની રચના કરી આવા અભ્યાસક્રમોના જોડાણ સંબંધિત નિયમો તૈયર કરવા સદર બોર્ડની રચના કરવા માનનીય કાર્યકારી કુલપતિશ્રીને સતા સોંપવામા આવે છે.**

(૬) **વિદ્યાર્થી કલ્યાણ ભંડોળ ઉભું કરવા બાબત :**

વિદ્યાર્થી વિકાસ સંબંધે નાણાકીય ભંડોળ ઉભુ કરી દાન મેળવી ફંડ એકત્ર કરવા થયેલ રજૂઆત અંગે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૧૪ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, વિદ્યાર્થી કલ્યાણ ભંડોળ ઉભું કરવુ અને તેમા તમામ શૈક્ષણિક વિભાગોના વડાશ્રીઓ તથા તમામ સંલગ્ન કોલેજના આચાર્યશ્રીઓને સભ્યપદ આપવું અને મેળવવામા આવનાર દાન સંદર્ભે સદર દાનની રકમ કરપાત્ર બને તે માટે ૮૦–જીનું પ્રમાણપત્ર મેળવવુ તથા અલગ બેંક એકાઉન્ટ ખોલાવવું તેમજ તે સંદર્ભે વાપરવાના નિયમો પણ બનાવો.**

(૭) **બાંધકામ શાખાની તા.૧૯/૧૧/૧૯નાં રોજની રજૂઆત બાબત :**

બાંધકામ શાખા દ્વારા થયેલ રજૂઆત અંગે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

(૧) કેમ્પસ પરના સબ સ્ટેશન મેઈન્ટેનન્સ વાર્ષિક ખર્ચ પેટે માર્ગ અને મકાન વિભાગના રેફ નં.૭૨૬/૨૦૧૯ તા. ૧૧/૧૦/૧૯ વાળા પત્રથી યુનિવર્સિટી કેમ્પસના સબસ્ટેશન મરમ્મતની કાર્યવાહી અર્થે તથા અત્રેની ફરિયાદના તાત્કાલિક નિવારણ અર્થે ઈલેકટ્રીશીયન વાર્ષિક ખર્ચ પેટે રૂા.૧,૮૦,૧૪૫/ની માંગણી કરવામા આવેલ છે જેનો પત્ર આ સાથે સામેલ છે જે મુજબ રૂા.૧,૮૦,૧૪૫/– કાર્યપાલક ઈજનેરશ્રી,વિદ્યુત મા.અને મ.,રાજકોટને ચૂકવવાની મંજૂરી અંગે.

**ઠરાવ : ૧૫ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સંબંધિત કાર્યાલયને દર્શિત હેતુ રૂા.૧,૮૦,૧૪૫/–નું ચુકવણું કરવુ અન્ય મુદા અર્થે ફેર રજૂઆત કરવી.**

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી...

---

**કુલસચિવ**
**ઇ/ચા કુલસચિવ**
**કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી**
**ભુજ–કચ્છ.**